**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેન્ક**

સંચાર વિભાગ , સેન્ટ્રલ ઓફિસ, એસ.બી.એસ.માર્ગ, મુંબઈ -400001
ફોન: 91 - 22 2266 0502 ફેક્સ: 91 - 22 2266 0358
વેબસાઈટ: www.rbi.org.in
ઈમેઈલ: helpdoc@rbi.org.in

૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭

**બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ પર લાગુ મુજબ) ની કલમ 35-એ હેઠળ નિર્દેશો – કપોલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર - સમયમર્યાદામાં વધારો**

તારીખ ૩૦ માર્ચ ૨૦૧૭નાં આદેશ અનુસાર કપોલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર ને તા. ૩૦ માર્ચ ૨૦૧૭ નાં રોજ કારોબારની સમાપ્તિથી અમલમાં આવે એમ નિર્દેશો હેઠળ મુકવામાં આવી હતી.

આથી સામાન્ય જનતાની જાણકારી માટે જણાવવામાં આવે છે કે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 કલમ 56 સહીત કલમ 35A ની પેટા કલમ (૧) હેઠળ પ્રદત્ત સતાની રૂએ રિઝર્વ બેંકનાં, સમીક્ષાને અધીન ઉપરોક્ત બેંક ને જારી કરેલ તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭ નાં આદેશ અનુસાર તારીખ ૩૦ માર્ચ ૨૦૧૭ નો આદેશ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી અર્થાત બીજા છ મહિના, સુધી લાગુ પડશે.

ઉપરોક્ત સમય મર્યાદામાં વધારો સૂચિત કરતી તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭ના નિર્દેશની એક નકલ જાહેર જનતાના અવલોકન માટે બેંકના પરિસરમાં દર્શાવવામાં આવેલ છે.

ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા લાદવામાં આવેલ ઉપરોક્ત સમયમર્યાદામાં વધારા અને/અથવા સુધારાનું આપમેળે એવું અર્થઘટન ન થવું જોઈએ કે બેન્કની નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર સુધારણાથી ભારતીય રિઝર્વ બેન્ક સંતુષ્ટ છે.

**અજિત પ્રસાદ**
મદદનીશ સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2017-2018 / 895**